*Shree Kundkund-Kahan Parmarthik Trust*
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

સંસારથી સંતપ્ત જીવોને શાંતિની ઝાંખી કરાવતું અજોડ આધ્યાત્મિક-માસિક




ૐ
વર્ષ ૧૪ મું
અંક ૪ થો
માહ
વી. સં. ૨૪૮૩

૧૬૦

# દુનિયા કરતાં આત્માને રાજી કરો

જગતના જીવોએ દુનિયા રાજી કેમ થાય અને દુનિયાને ગમતું કેમ થાય એવું તો અનંતવાર કર્યું છે, પણ હું આત્મા વાસ્તવિક રીતે રાજી થાઉં ને મારા આત્માને ખરેખર ગમતું શું છે એનો કોઇવાર વિચાર પણ નથી કર્યો, એની કોઇવાર દરકાર પણ નથી કરી. જેને આત્માને ખરેખર રાજી કરવાની ધગશ જાગી તે આત્માને રાજી કર્યે જ છૂટકો કરશે અને તેને 'રાજી' એટલે 'આનંદધામ' માં પહોંચ્યે જ છૂટકો છે.....ભાઈ! ...પરનો આશ્રય છોડીને સ્વતત્ત્વની રુચિ કરવી...પ્રેમ કરવો...મનન કરવું તે જ સત્સ્વભાવને પ્રગટાવવાનો ઉપાય છે...જે પોતાનું હિત ચાહે તે આવું કરો.

(—પૂ. બેનશ્રીબેન લિખિત સમયસાર–પ્રવચનોમાંથી)



શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# ટૂંકો પ્રશ્ન.......ટૂંકો ઉત્તર

પ્ર. કાન હોવા છતાં બહેરો કોણ ?

ઉ. આત્મસ્વરૂપની વાર્તા ન સાંભળે તે.

પ્ર. આંખ હોવા છતાં આંધળો કોણ ?

ઉ. જિનેન્દ્રદેવના દર્શન ન કરે તે.

પ્ર. જીભ હોવા છતાં મૂંગો કોણ ?

ઉ. જિનેન્દ્રદેવનું સ્તવન ન કરે તે.

પ્ર. ધન હોવા છતાં દરિદ્રી કોણ ?

ઉ. જે દાન ન કરે તે.

પ્ર. મન હોવા છતાં અસંજ્ઞી કોણ ?

ઉ. જે ચૈતન્યનું ચિંતવન ન કરે તે.

પ્ર. આળસુ કોણ ?

ઉ. જે તીર્થયાત્રા ન કરે તે.

પ્ર. બહાદુર–સુભટ કોણ ?

ઉ. જે મોહમલ્લને જીતે તે.

પ્ર. નિર્ધન છતાં ધનવાન કોણ ?

ઉ. જે રત્નત્રયરૂપી ધનને ધારણ કરે તે.

પ્ર. હણનાર છતાં અહિંસક કોણ ?

ઉ. જે મોહ શત્રુને હણે તે.

પ્ર. શાસ્ત્રો ભણ્યો હોવા છતાં મૂર્ખ કોણ ?

ઉ. જે ચૈતન્યતત્ત્વને ન જાણે તે.

પ્ર. વિદ્વાન્ કોણ ?

ઉ. જે આત્મવિદ્યાને જાણે તે.

પ્ર. મનુષ્ય હોવા છતાં પશુ કોણ ?

ઉ. જે સ્વ–પરનો વિવેક ન કરે તે.

## ભવ્ય-સંબોધન

### અરે જીવ !

અનાદિકાળના ભવભ્રમણના દુઃખનો અંત કેમ આવે...ને અપૂર્વ આત્મસુખની પ્રાપ્તિ કેમ થાય તેની આ વાત છે. અનંત કાળમાં દુર્લભ એવો આ મનુષ્ય અવતાર પામ્યો ને આવો સત્સમાગમ મળ્યો ત્યારે જો આત્માની દરકાર કરીને સત્ ન સમજ્યો ને આત્મજ્ઞાન ન કર્યું તો આયુષ્ય પૂરું થતાં મનુષ્યઅવતાર હારી જઈશ, માટે ભાઈ ! આ અવસર પ્રમાદમાં ગુમાવવા જેવો નથી. આ મનુષ્યપણામાં અવતરીને જીવનનું ધ્યેય એ છે કે પોતાના વાસ્તવિક આત્મસ્વરૂપની ઓળખાણ કરવી ને તેના સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગની આરાધનાવડે ભવભ્રમણનો નાશ કરવો, ને અપૂર્વ મોક્ષસુખની પ્રાપ્તિ કરવી. -પૂ. ગુરુદેવ

## આત્મધર્મના ગ્રાહકોને

આ “આત્મધર્મ”નું પ્રકાશન આનંદ પ્રેસ–ભાવનગરથી થાય છે. અત્યાર–સુધી તેનું પ્રકાશન વલ્લભવિદ્યાનગરથી થતું તેને બદલે હવેથી ભાવનગરથી થશે અને વ્યવસ્થા પણ ત્યાંથી થશે; માટે વ્યવસ્થા બાબતનો પત્રવ્યવહાર હવેથી નીચેના સરનામે કરવોઃ–

આનંદ પ્રેસ–ભાવનગર.

વાર્ષિક લવાજમ રૂપિયા ત્રણ : : : છૂટક નકલ ચાર આના

# आत्मधर्म

| વર્ષ ચૌદમું | સમ્પાદક | મહા |
| --- | --- | --- |
| અંક ચોથો | રામજી માણેકચંદ દોશી | ૨૪૮૩ |


### આગ્રામાં મહાવીર દિગંબર જૈન કોલેજના એક અધ્યાપકશ્રીએ ગાયેલ અભિનંદન કાવ્ય

## सन्तप्रवर श्री कानजीस्वामी अभिनन्दन

ऋतुराज सुरिभित पवन से करत प्रसन्ना दिगन्त है।
श्री कानजीस्वामी दरश से मन प्रसन्न अनन्त है।
हे त्यागमूर्ति अनन्त श्रद्धास्पद गुणायक सन्तवर।
परिपूत भारत की धरा पाकर हुई सुकृतार्थतर।

संसार को तृण तुल्य तज परमार्थ साधन के लिए ।
इन्द्रियदमन तुमने किया ब्रह्मचर्य धारण के लिए ।
जन ह्दय मन्दिर मध्य सत्य प्रकाश करने के लिए ।
तुमने जलाया ज्ञान-दीप तमोन्ध हरने के लिए ।

अध्यात्म चिन्तन हित सतत जीवन लगाया आपने।
योगी परम साधक तपोबल को बढ़ाया आपने।
पाकर तुम्हारा चरण रज यह आगरा पावन हुआ।
हुकर तुम्हें शीतल व मन्द सुगन्ध मुदित पवन हुआ।

शब्दावली कुछ है नहीं जो स्बागतार्थ प्रयुक्त हो।
रहते धरा पर भी अहो तुम दिव्य जीवन मूल हो।
है पुन्य दर्शन अमृत उपदेशक तुम्हें साक्षात्कर।
जीवन नया हमको मिला है हो गए कृतकृत्यतर।

१२-२-५७ श्रद्धावनत

श्री महावीर दिगम्बर जैन कोलेज परिवार, आगरा।

## શ્રી સમ્મેદશિખરજી વગેરે તીર્થધામોની યાત્રા નિમિત્તે

# પૂ. ગુરુદેવનો મંગલ-પ્રવાસ



(પરમપૂજ્ય શ્રી કહાન ગુરુદેવે સોનગઢથી કારતક સુદ પૂર્ણિમાએ તીર્થયાત્રા નિમિત્તે મંગલ વિહાર કર્યો...પાલેજમાં અનંતનાથ ભગવાનની વેદીપ્રતિષ્ઠા તથા મુંબઇમાં મહાન પ્રભાવના કરીને તેઓશ્રી હાલ વિધવિધ તીર્થધામોની યાત્રા સંઘસહિત કરી રહ્યા છે. પૂ. ગુરુદેવના સોનગઢથી ધંધુકા અને મુંબઇથી ઇંદોર સુધીના વિહારના સંસ્મરણો આત્મધર્મના ગતાંકમાં આપી ગયા છીએ. ત્યારપછીના સમાચારો અહીં સંક્ષેપમાં આપવામાં આવે છે. પૂ. ગુરુદેવ સાથે પ્રવાસમાં હોવાને કારણે આ સમાચારો વિસ્તારથી નથી આપી શકતા, તે બદલ જિજ્ઞાસુ ગ્રાહકો ક્ષમા કરે. સોનગઢ આવ્યા બાદ વિસ્તારપૂર્વક યાત્રાવર્ણન, તે તે પ્રસંગના ફોટાઓ સહિત આપવાની ભાવના છે.)

**-બ્ર. હરિલાલ જૈન**

**: ૨ :**

જૈન સમાજના સુપ્રસિદ્ધ સંત પૂજ્ય શ્રી કાનજીસ્વામી સમ્મેદશિખરજી વગેરે તીર્થધામોની યાત્રા માટે લગભગ ૫૨૫ ભક્તોના એક મોટા સંઘ સહિત વિચરી રહ્યા છે. આ સંઘમાં ૨૪ મોટર તથા ૮ મોટરબસ છે. પૂ. ગુરુદેવ સંઘસહિત વિધવિધ તીર્થધામોની યાત્રા કરતા કરતા આનંદપૂર્વક વિચરી રહ્યા છે ને ગામેગામ હજારો મુમુક્ષુઓ ગુરુદેવનો ઉપદેશ સાંભળીને મંત્રમુગ્ધ બની જાય છે. ગુરુદેવ જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં જૈન સમાજ તેઓશ્રીના સ્વાગત માટે ઉમટી પડે છે.

પૂ. ગુરુદેવ મુંબઇથી ઇંદોર પધાર્યા ત્યાં સુધીના સંક્ષિપ્ત સમાચાર આત્મધર્મમાં આપી ગયા છીએ.

સિદ્ધવરકુટ તીર્થની યાત્રા કરીને સંઘ સહિત પૂ. ગુરુદેવ જ્યારે ઇંદોર શહેર પધાર્યા ત્યારે ત્યાંના જૈન સમાજે ઘણા ઉમળકાથી પૂ. ગુરુદેવનું સ્વાગત કર્યું. સર હુકમીચંદજી શેઠના પુત્ર ભૈયાસાહેબ રાજકુમારસિંહજી સ્વાગત-અધ્યક્ષ હતા. આખા શહેરમાં ઠેકાણે ઠેકાણે દરવાજા અને ધજા-વાવટાથી સજાવટ કરવામાં આવી હતી. લગભગ પંદર હજારની સંખ્યામાં લોકોએ ભવ્ય સ્વાગત કર્યું. સૌથી આગળ હાથી ઉપર ધર્મધ્વજ, પાછળ ઘોડેસવાર તથા બેન્ડવાજાં વગેરેથી લગભગ એક માઇલ લાંબું સ્વાગત જુલુસ ઘણું શોભતું હતું. પૂ. ગુરુદેવના પ્રવચનમાં આઠ-દસ હજારની સંખ્યામાં શ્રોતાજનો હરરોજ લાભ લેતા હતા. ઇંદોરના જૈનસમાજ તરફથી ભૈયાસાહેબ શ્રી રાજકુમારસિંહજીના હસ્તે એક અભિનંદન પત્ર પૂ. ગુરુદેવને આપવામાં આવ્યું હતું. મધ્ય ભારતના ગૃહપ્રધાન શ્રી મિશ્રીલાલજી ગંગવાલ પણ પ્રવચનમાં આવતા હતા ને પ્રવચન સાંભળીને ઘણા પ્રભાવિત થયા હતા. તથા સંત-સમાગમના મહિમાનું એક ભજન તેઓ બોલ્યા હતા. રાત્રિચર્ચામાં પણ દૂરદૂરથી હજારો લોકો આવતા હતા. પૂ. ગુરુદેવની અને સંઘની વ્યવસ્થા માટે એક મોટી

સ્વાગત સમિતિ રચવામાં આવી હતી અને સંઘને રહેવાની તથા જમવા વગેરેની ઘણી સરસ વ્યવસ્થા ઇંદોરના દિ. જૈન સમાજ તરફથી કરવામાં આવી હતી. સર શેઠ સાહેબના આખા કુટુંબે ઘણા ઉમંગ અને પ્રેમથી ચારે દિવસ સંઘની વ્યવસ્થામાં ભાગ લીધો હતો. સર હુકમીચંદજી શેઠ પણ પ્રવચનમાં આવતા હતા. છેલ્લા દિવસે ભૈયાસાહેબ રાજકુમારસિંહજીએ ઘણું પ્રભાવક ભાષણ કર્યું હતું, અને પૂ. ગુરુદેવને સંઘ સહિત ફરીને પધારવાની તથા ઇંદોરમાં ચાતુર્માસ કરવાની વિનંતિ કરી હતી. પૂ. ગુરુદેવ ઇંદોરમાં ચાર દિવસ રહ્યા હતા, તે દરમિયાન ગુરુદેવના પ્રવચન અને તત્ત્વચર્ચા સાંભળીને ત્યાંની જનતા ઘણી પ્રભાવિત થઇ હતી, અને પૂ. ગુરુદેવનો આવો મહાન પ્રભાવ દેખીને લોકો આશ્ચર્યમાં પડી ગયા હતા.

(ઇંદોરમાં શેઠ સાહેબનું કાચનું મંદિર ઘણું ભવ્ય અને ખાસ દર્શનીય છે, બીજા પણ અનેક જિનમંદિરો દર્શનીય છે.)

### તા. ૩૧ જાન્યુઆરીએ–

ઇંદોરથી પૂ. ગુરુદેવ સંઘસહિત ઉજજૈનનગરી પધાર્યા. ત્યાં પણ દિ. જૈનસમાજ તરફથી લગભગ ૧૦ હજારની જનતાએ ઘણું શાનદાર સ્વાગત કર્યું. પ્રવચનમાં ૪–૫ હજાર શ્રોતાઓની હાજરી રહેતી. સંઘને રહેવાની તેમજ જમવા વગેરેની સુંદર વ્યવસ્થા અહીંના દિ. જૈન સમાજ તરફથી થઇ હતી. પૂ. ગુરુદેવ આ બાજુ જ્યાં જ્યાં પધારે છે ત્યાં ત્યાં દિ. જૈન સમાજ તરફથી ઘણાં જ ઉલ્લાસપૂર્વક નહિ ધારેલું એવું ભવ્ય સ્વાગત થાય છે. હાર્દિક વાત્સલ્યપૂર્વક દિ. જૈન સમાજે પૂજ્ય ગુરુદેવને આવકાર્યા છે અને ગુરુદેવ દ્વારા દિ. જૈન ધર્મની મહાન્ પ્રભાવના થઇ રહી છે. આગળના શહેરની જનતા પણ પૂ. ગુરુદેવનું સ્વાગત કરવા માટે ઘણી ઉત્કંઠિત થઇ રહી છે. એટલું જ નહિ પણ આસપાસ રહી જતા અનેક ગામો અને શહેરોના સમાજ તરફથી પૂ. ગુરુદેવને પધારવા માટે ઉપરાઉપરી આમંત્રણો આવ્યા જ કરે છે. પરંતુ કાર્યક્રમ નિશ્ચિત થઇ ગયો હોવાથી ઘણાને નિરાશ થવું પડે છે.

ઉજજૈનથી પૂ. ગુરુદેવ ભોપાલ પધાર્યા. ત્યાં પણ લોકોએ ઘણા ઉલ્લાસથી સ્વાગત કર્યું ને ૪–૫ હજાર માણસોએ પ્રવચનનો લાભ લીધો. સંઘ ઊજજૈનથી મક્ષીજી પાર્શ્વનાથ થઇને ગુના–શહેર આવ્યો. ત્યાં વચ્ચે બે ગામમાં સાધર્મી લોકોએ પ્રેમપૂર્વક સંઘને ચા પાણી માટે રોક્યો હતો. તા. ૨–૨–૫૭ ના રોજ પૂ. ગુરુદેવ ગુના પધારતાં ૮–૧૦ હજારની જૈન જનતાએ પ્રેમપૂર્વક ભવ્ય સ્વાગત કર્યું. પ્રવચન માટે સુંદર મંડપ હતો. આસપાસના ગામોથી પણ હજારો લોકો પૂ. ગુરુદેવનું પ્રવચન સાંભળવા આવ્યા હતા. પ્રવચનમાં ૧૦–૧૨ હજારની સંખ્યા થતી હતી. અહીંથી ૪–૫ માઇલ દૂર બજરંગઢમાં શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ ભગવંતોના ૧૫–૨૦ ફૂટના ભવ્ય પ્રતિમાજી બિરાજમાન છે ત્યાં દર્શન કરવા પૂ. ગુરુદેવ સંઘસહિત પધાર્યા હતા. ઠેર ઠેર આવા ભવ્ય ભગવંતોને દેખીને પૂ. ગુરુદેવને તેમજ સૌ ભક્તજનોને ઘણી પ્રસન્નતા થતી હતી. ગુના–શહેરમાં પણ સંઘને રહેવાની તેમજ ભોજનાદિની સુંદર વ્યવસ્થા ત્યાંના દિ. જૈનસમાજ તરફથી થઇ હતી.

ગુનાથી પૂ. ગુરુદેવ લલિતપુર પધાર્યા. ત્યાં પણ જૈન સંઘે ઘણા પ્રેમપૂર્વક ગુરુદેવનું સ્વાગત કર્યું ને પ્રવચનનો લાભ લીધો. ત્યાંથી પાછા ફરતાં ગુરુદેવે ચંદેરીમાં બિરાજમાન ૨૪ ભગવંતોના દર્શન કર્યા. ચંદેરીની જૈન જનતાએ ઘણા ઉમળકાથી ગુરુદેવનું સ્વાગત કર્યું. ચંદેરી ઉપરાંત થૂબૌનજી ધામમાં બિરાજમાન મોટા મોટા ૨૫ ખડ્ગાસન ભગવંતોના પણ દર્શન કરવા માટે સંઘના ઘણા માણસો ગયા હતા.

તા. ૫–૨–૫૭ મહાસુદ પાંચમે પૂ. ગુરુદેવ ઝાંસી શહેર પધાર્યા. ત્યાંના જૈન સમાજે ઉત્સાહથી ગુરુદેવનું સ્વાગત કર્યું. ભોજનાદિની વ્યવસ્થા પણ ત્યાંના દિ. જૈન સમાજ તરફથી હતી.

તા. ૬–૨–૫૭ ના રોજ ઝાંસીથી સોનાગીરી ધામ આવ્યા. અહીં શ્રી નંગ–અનંગ કુમારોનું તથા બીજા કરોડો મુનિવરોનું સિદ્ધિધામ છે નાનો સુંદર પર્વત છે, તેના ઉપર ૭૭ મંદિરો છે. મુખ્ય મંદિરમાં ૧૫ ફૂટ ઊંચા ઘણા પુરાણા શ્રી ચંદ્રપ્રભ ભગવાન બિરાજે છે. ચોકમાં શ્રી બાહુબલીસ્વામીના ભવ્ય પ્રતિમાજી છે; માનસ્તંભ વગેરે પણ સુંદર છે. તા. ૭ ના રોજ પૂ. ગુરુદેવે સંઘ સહિત આ સિદ્ધિક્ષેત્રની યાત્રા ઘણા ભક્તિભાવથી કરી. ઉપર સરસ ભક્તિ થઇ હતી. પર્વત ઉપર

નંગ–અનંગ મુનિઓના ચરણકમળ છે. નીચે ૧૭ મંદિરો છે, ત્યાં પણ દર્શન અને ભક્તિ કર્યા. અહીં ધર્મશાળા વગેરેની વ્યવસ્થા સરસ છે.

તા. ૮ ના રોજ ગ્વાલિયર (લશ્કર) પહોંચ્યા. પાંચ છ હજારની જનતાએ ભવ્ય સ્વાગત કર્યું. ગ્વાલીયરના કિલ્લામાં તથા ડુંગરમાં (એક પત્થરની વાવડી કહેવાય છે ત્યાં) ઘણા મોટા મોટા જિનપ્રતિમાઓ પર્વતમાં કોતરેલા છે, જે આજે ખંડિત અવસ્થામાં પણ દિ. જૈન ધર્મની ભવ્ય જાહોજલાલીના દર્શન કરાવી રહ્યાં છે. અહીં ૨૭ જિનમંદિરો છે તે ઘણા ભવ્ય છે. અહીં પણ સંઘના ભોજનાદિની વ્યવસ્થા સ્થાનિક જૈન સમાજ તરફથી ઘણા પ્રેમપૂર્વક કરવામાં આવી હતી ને અહીંના દિ. જૈન સમાજ તરફથી તેમજ વિદ્યાર્થીઓ તરફથી પૂ. ગુરુદેવને ભાવભર્યું અભિનંદનપત્ર આપવામાં આવ્યું હતું.

ગ્વાલીયરથી ધોળપુર થઇને તા. ૧૦ના રોજ પૂ. ગુરુદેવ આગ્રા પધાર્યા; ત્યાં ભવ્ય સ્વાગત થયું. સંઘને ઊતરવાની તેમજ જમવા વગેરેની વ્યવસ્થા અહીંના દિ. જૈન સમાજ તરફથી ઘણા પ્રેમપૂર્વક કરવામાં આવી હતી. આગ્રામાં પૂ. ગુરુદેવ ત્રણ દિવસ રહ્યા હતા. અહીં અનેક જિનમંદિરો દર્શનીય છે. અહીં પણ જૈન સમાજ તરફથી પૂ. ગુરુદેવને અભિનંદન પત્ર આપવામાં આવ્યું હતું. અને પૂ. ગુરુદેવના હસ્તે મંગલ સ્વસ્તિક કરાવીને અહીં મહાવીર દિગંબર જૈન કોલેજના સરસ્વતીભવનનું શિલાન્યાસ થયું હતું.

તા. ૧૩ના રોજ આગ્રાથી શૌરીપુર આવ્યા. શૌરીપુર નેમિનાથ ભગવાનની જન્મભૂમિ છે; ધન્ય વગેરે મુનિવરો ત્યાં અંતકૃત કેવળી થયા છે, ને સુપ્રતિષ્ઠિત મુનિની તે કેવળજ્ઞાન ભૂમિ છે. અહીં નાના પર્વત ઉપર નેમિનાથ ભગવાનના ખડ્ગાસન પ્રતિમા ઘણા ભવ્ય છે; ત્યાં પૂ. ગુરુદેવે ભક્તિ કરાવી હતી. જમુના નદીના તીરે આ તીર્થ આવેલું છે.

તા. ૧૪ના રોજ શૌરીપુરથી મથુરા આવ્યા. અહીં અંતિમ સિદ્ધ શ્રી જંબૂસ્વામી ભગવાનનું નિર્વાણધામ છે, તેમના ચરણકમળ છે; તથા સપ્તર્ષિ મુનિઓના સુંદર પ્રતિમાજી છે. ત્યાં ઘણા ભક્તિભાવપૂર્વક પૂજનભક્તિ થયા હતા. જંબૂસ્વામીની સાથે વિદ્યુત્મુનિ (વિદ્યુતચોર) વગેરે ૫૦૦ મુનિઓ પણ અહીંથી મોક્ષ પામ્યા છે. અહીં મુનિવરોની વિશેષ ભક્તિ થઇ હતી. પૂ. ગુરુદેવે ભાવભર્યું પ્રવચન કર્યું હતું; ત્યારબાદ પં. બલભદ્રજીએ પૂ. ગુરુદેવના સ્વાગત નિમિત્તે ભક્તિભર્યું પ્રવચન કર્યું હતું. અહીં સંઘને ભોજનાદિની વ્યવસ્થા મથુરાના શેઠ ભગવતીપ્રસાદજી તથા રાજા ભગવાનદાસજી તરફથી કરવામાં આવી હતી.

તા. ૧૬ ના રોજ મથુરાથી ફિરોજાબાદ આવ્યા. અહીં શેઠ છદામીલાલજી તથા દિ. જૈન સમાજ તરફથી ઉમળકાભેર સ્વાગત થયું. શેઠશ્રી છદામીલાલજીએ ઘણો ભક્તિભાવ બતાવ્યો હતો; તેઓ સોનગઢના માનસ્તંભને અનુસરીને લગભગ એવો જ માનસ્તંભ અહીં બનાવી રહ્યા છે, તેમાં પૂ. ગુરુદેવની પ્રવચન સભાનું દ્રશ્ય તથા તેમાં શેઠજી પોતે ગુરુદેવને નમસ્કાર કરે છે તે દ્રશ્ય કોતરાવેલું છે. એક ઘણું વિશાળ અને ભવ્ય જિનમંદિર પણ બંધાય છે, ભોજનાદિની વ્યવસ્થા અહીંના સંઘ તરફથી ઘણા પ્રેમપૂર્વક કરવામાં આવી હતી. અહીં શીતલનાથ ભગવાનનું જિનમંદિર દર્શનીય છે, તેમાં કુંદકુંદ ભગવાનનો સુંદર ફોટો પણ છે. એક મંદિરમાં લગભગ સવાફૂટના સ્ફટિકના પ્રતિમાજી છે તે પણ દર્શનીય છે, બીજા પણ અનેક મંદિરો દર્શનીય છે. અહીં જૈન કોલેજ તરફથી તેમજ જૈન સમાજ તરફથી પૂ. ગુરુદેવને અભિનંદન પત્ર આપવામાં આવ્યા હતા, પ્રવચનમાં પાંચ હજાર લોકોએ લાભ લીધો હતો. પૂ. ગુરુદેવના હસ્તે સરસ્વતીભવન–પુસ્તકાલયનું ઉદ્ઘાટન થયું હતું. પં. રાજેન્દ્રકુમારજી વગેરે અનેક વિદ્વાનોએ પૂ. ગુરુદેવ પ્રત્યે ભાવભરી શ્રદ્ધાંજલિ આપી હતી.

તા. ૧૭ના રોજ ફિરોજાબાદથી મૈનપુરી તરફ આવ્યા. વચ્ચે શિકોહાબાદ સ્ટેશને કેટલાક ભાઈઓએ પ્રેમપૂર્વક સંઘને ચા પાણી માટે રોકયો. મૈનપુરીમાં બપોરે પૂ. ગુરુદેવનું પ્રવચન થયું તેમજ ત્યાંના જૈન સમાજે પૂ. ગુરુદેવનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું.

મૈનપુરીથી તા. ૧૮ ના રોજ પૂ. ગુરુદેવ કાનપુર પધાર્યા, ત્યાંના જૈન સમાજે પ્રેમપૂર્વક પૂ. ગુરુદેવનું સ્વાગત કર્યું. તથા સંઘને ઉતરવા તથા જમવા વગેરેની સગવડ પણ કરી હતી. પ્રવચનમાં પણ લોકોએ ઉલ્લાસપૂર્વક લાભ લીધો હતો.

તા. ૧૯ ના રોજ કાનપુરથી પૂ. ગુરુદેવ લખનૌ પધાર્યા. જૈન સમાજે પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. જૈનબાગની ધર્મશાળામાં ઉતરવા વગેરેની સગવડતા હતી. અહીંના મ્યુઝીયમમાં ઘણા પુરાણા જિનપ્રતિમાજી છે. જેઓ બે હજાર વર્ષ પહેલાંની દિ. જૈનધર્મની જાહોજલાલી પ્રસિદ્ધ કરી રહ્યાં છે.

લખનૌથી તા. ૨૦ ની બપોરે નીકળીને વચ્ચે ધર્મનાથ ભગવાનની જન્મભૂમિ રત્નપુરીના દર્શન કરીને પૂ. ગુરુદેવ સંઘસહિત અયોધ્યા પધાર્યા. અયોધ્યા એ તીર્થંકર ભગવંતોના જન્મની શાશ્વતભૂમિ છે. વર્તમાન ચોવીસીના શ્રી આદિનાથ આદિ પાંચ તીર્થંકરોના જન્મકલ્યાણક અહીં થયા છે. અહીં એક મંદિરમાં શ્રી આદિનાથ ભગવાનના મોટા પ્રતિમાજી છે, તથા તેમની આજુબાજુ ભરત–બાહુબલી ભગવંતોના મોટા પ્રતિમાજી બિરાજે છે; ત્યાં જન્મકલ્યાણક સંબંધી ઘણી ભાવભીની અદ્ભુત ભક્તિ રાત્રે પૂ. બેનશ્રીબેને કરાવી હતી. પૂ. ગુરુદેવ આ શાશ્વત જન્મધામમાં ભગવાનના દર્શનથી ઘણા પ્રસન્ન થયા.

તા. ૨૧ના રોજ પૂ. ગુરુદેવે સંઘસહિત પાંચે ભગવંતોના જન્મધામની જાત્રા કરી...દરેક ઠેકાણે ભગવંતોના ચરણકમળ બિરાજે છે; ત્યાં પૂ. ગુરુદેવે ભાવ પૂર્વક અર્ઘ ચડાવ્યો. શ્રી આદિનાથ ભગવાનની ટૂંકે વિશેષ ભક્તિ થઇ, તથા અનંતનાથ ભગવાનની ટૂંક સરયુ નદીના કિનારે આવેલી છે, ત્યાં પણ વિશેષ પૂજા–ભક્તિ થઇ હતી. યાત્રા બાદ પૂ. ગુરુદેવે ભાવભર્યું પ્રવચન કર્યું હતું.

તા. ૨૨ના રોજ પૂ. ગુરુદેવ બનારસ ( કાશી )નગરે પધાર્યા. પં. કૈલાસચંદ્રજી, પં. ફૂલચંદજી વિગેરે અનેક ભાઈઓએ પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. અહીં જૈનોના ઘર ૩૦–૪૦ જ છે. પાર્શ્વનાથ વગેરે ભગવંતોની અહીં જન્મભૂમિ છે. ત્યાં સંઘ સહિત યાત્રા તથા ભક્તિ થઇ હતી. અહીં ‘સ્યાદ્વાદ મહાવિદ્યાલય ( જે ગંગા નદીના કિનારે આવેલું છે ) તેનું વાર્ષિક અધિવેશન પૂ. ગુરુદેવની છત્ર છાયામાં થયું હતું, તે વખતે વિદ્યાલયના વિદ્વાન ભાઈઓએ પ્રેમપૂર્વક પૂ. ગુરુદેવનું સન્માન કર્યું હતું.

પૂ. ગુરુદેવ રોજ નવા નવા તીર્થધામોની યાત્રા કરતાં ખૂબ પ્રસન્નતાથી વિચરી રહ્યા છે ને પૂ ગુરુદેવની સાથે સાથે સંઘ પણ ઘણા આનંદપૂર્વક તીર્થયાત્રા કરી રહ્યો છે. સંઘ સહિત પધારવાથી આ તરફના જૈન–સમાજમાં પણ આનંદનું વાતાવરણ ફેલાઈ જાય છે. ને પૂ. ગુરુદેવના પ્રવચનો સાંભળીને જનતા મુગ્ધ બની જાય છે. આ રીતે સૌરાષ્ટ્રના આ સંત જૈનધર્મનો પ્રભાવ ફેલાવતા ફેલાવતા, અને નવા નવા તીર્થધામોની અદ્ભુત યાત્રા કરતા કરતા, સંઘસહિત ભારતમાં વિચરી રહ્યા છે.

જય હો જૈનશાસનનો અને શાસનપ્રભાવી સંતોનો !



# બાળકોને કેવા સંસ્કાર પાડવા ?

## ખૂલ્લા મેદાનમાં મોટા વૃક્ષની છાયા નીચે ઉપશાંત વાતાવરણમાં ઇટોલા ગામમાં વિદ્યામંદિરમાં નાના બાળકો માટે પૂ. ગુરુદેવનું પ્રવચન

(માગશર સુદ ત્રીજ : બુધવાર)

આ દેહથી ભિન્ન આત્મતત્ત્વ છે, તેને ઓળખવું તે જ સાચી વિદ્યા છે. અનંતકાળથી આત્મા ચાર ગતિમાં રખડી રહ્યો છે ને દુઃખ થાય છે, તે પરિભ્રમણ જેનાથી ટળે તે જ સાચી વિદ્યા છે. વિદ્યા વિનાનો નર પશુ કહેવાય છે. કોઇ માણસને કહે કે 'તું પશુ જેવો છો–ગધેડો છો'–તો તેને તે સારું લાગતું નથી; પણ જે ભાવથી પશુ જેવો અવતાર મળે એવો ભાવ જો તે વર્તમાનમાં સેવી રહ્યો છે તો તે પશુ જ થશે. જે અત્યારે પશુ થયા છે તેમણે પૂર્વે માયા–કપટના ભાવ કર્યા હતા, તેના ફળમાં તે પશુ થયા છે; અને મનુષ્ય થઇને પણ જેઓ આત્માનું જ્ઞાન કરતા નથી તે તીવ્ર માયા–દંભ–ઠઠ્ઠા–મશ્કરી વગેરે ભાવો સેવે છે તે પણ પશુ થવાની જ તૈયારી કરી રહ્યો છે, તેથી જ્ઞાની તેને પશુ કહે છે.

આ મનુષ્ય અવતાર પામીને પહેલેથી જ બાળપણથી આત્માના હિતના સંસ્કાર પાડવા જોઇએ. શ્રીમદ્ રાજચંદ્ર ૧૬ વર્ષની વયમાં કહે છે કે–

**હું કોણ છું ! ક્યાંથી થયો ! શું સ્વરુપ છે મારું ખરું !**
**કોના સંબંધે વળગણા છે ! રાખું કે એ પરિહરું !**
**એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા !**
**તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.**

જાુઓ, આ કથન !! નાનપણથી જ તેમને ઊંડા સંસ્કાર હતા. સાત વર્ષની ઉમરે તો પોતાને જાતિસ્મરણ એટલે પૂર્વભવમાં મારો આત્મા કયાં હતો તેનું ભાન થયું. પછી આ કાવ્ય તેમણે બનાવ્યું છે. શરીરની બાલવય હતી પણ આત્મા કયાં બાળક હતો ?

આ દેહ તે કાંઇ આત્મા નથી; દેહ તો ક્ષણભંગુર છે; આત્મા કાંઇ ક્ષણભંગુર નથી, આત્મા તો અવિનાશી છે. વૃદ્ધ, યુવાન કે બાળક સૌએ આત્માનું જ્ઞાન કરવું જોઇએ. દેહનો કાંઇ ભરોસો નથી કે આટલા વર્ષ સુધી તે ટકી જ રહેશે. નાની ઉમરમાં પણ ઘણાનો દેહ છૂટી જાય છે. દેહ જાુદો છે ને દેહને જાણનારો તેનાથી જાુદો છે–એમ ઓળખવું જોઇએ. દેહ એ તો સ્થૂળ વસ્તુ છે, ને આત્મા તો સૂક્ષ્મ વસ્તુ છે.

ચણાની જેમ આત્મામાં મીઠો સ્વાદ એટલે કે આનંદશક્તિરૂપે રહેલો છે; પણ અજ્ઞાનદશામાં તેનો સ્વાદ આવતો નથી. જો સમ્યગ્જ્ઞાન કરે તો અંતરના આનંદનો સ્વાદ આવે ને પછી તેને જન્મ–મરણ થાય નહિ.

અરે જીવો ! વિચાર તો કરો કે "હું કોણ છું ? ને મારે આ પરિભ્રમણ કેમ છે ?" આ દેહ તો નવો મળ્યો છે. ૨૫–૫૦ કે ૧૦૦ વર્ષ પહેલાં કાંઇ આ દેહ ન હતો, માટે આ દેહ તે તમારી ચીજ નથી, તમે દેહથી ભિન્ન જાણનાર તત્ત્વ છો. આ બધું કોણ જાણે છે ? જાણનાર તો આત્મા છે. આત્મા ન હોય તો આ બધું જાણે કોણ ? લાખોની કિંમતનો હીરો હોય પણ આંખ ન હોય તો ? આંખ વગર કોણ દેખે ? માટે આંખની કિંમત વધી કે હીરાની ?–હવે આંખ પણ આત્મા વગર કયાંથી જાણે ? આત્મા વિના આ આંખના કોડા કાંઇ જાણી શકતા નથી, માટે બધાને જાણનાર એવા આત્માનો જ ખરો મહિમા છે. આવા આત્માનું ભાન કરીને પૂર્ણ પરમાત્મદશા આઠ વર્ષના બાળકને પણ થઇ શકે છે, એમ શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. અરે ! નાનું દેડકું–સર્પ–હાથી ને સિંહ વગેરેને પણ આવા આત્માનું જ્ઞાન થઇ શકે છે, પણ તે માટે

અંતરમાં આત્માનો ઘણો પ્રેમ જોઇએ,–સમજવા માટેની દરકાર જોઇએ. પહેલેથી બાળપણથી જ આવા સંસ્કાર પાડવા જેવું છે. આ માટે સોનગઢથી ખાસ “જૈન બાળપોથી” છપાણી છે.

શ્રીમદ્ રાજચંદ્રને નાની ઉમરથી જ જ્ઞાનનો ઘણો ઉઘાડ હતો; નાની ઉમરથી આવો ઉઘાડ જોઇને તેમને ખ્યાલમાં આવી ગયું હતું કે જરૂર આમાં કાંઇક પૂર્વભવના સંસ્કાર છે. તેથી તેઓ કહે છે કે–

“લઘુવયથી અદ્ભુત થયો તત્ત્વજ્ઞાનનો બોધ,
એ જ સૂચવે એમ કે ગતિ-આગતિ કાં શોધ ? ”

અંદર વિચાર કરવો જોઇએ કે મારો આત્મા આ ભવ પહેલાં પણ કયાંક હતો...ને આ ભવ પછી પણ કયાંક રહેશે. મારા આત્માનું હિત કેમ થાય ? એવા બાળપણથી જ સંસ્કાર પાડવા જેવું છે. બાળકોનો આત્મા પણ આ સમજી શકે છે, કેમકે બધા આત્મામાં સરખી શક્તિ રહેલી છે. બાળકોને આ આત્મવિદ્યા પહેલી શીખવવા જેવી છે, કેમકે સાચું સુખ આ આત્મવિદ્યાથી જ મળે છે. સભામાં પૂછો કે જેને સુખ જોઇતું હોય તે હાથ ઊંચા કરો, તો આખી સભા હાથ ઊંચા કરશે. અને બીજી વાર પૂછશો કે તે સુખ કેવું જોઇએ ?–નાશવાન કે અવિનાશી ? તો બધા બે હાથ ઊચા કરીને કહેશે કે અવિનાશી સુખ જોઇએ. તો તે અવિનાશી સુખ મેળવવા માટે આ આત્મવિદ્યા ભણવી જોઇએ. વિદ્યા વિનયથી આવે છે, એટલે તીવ્ર હિંસા–જૂઠું–ચોરી–પરસ્ત્રી, ખાવાપીવાની લોલુપતા એવા તીવ્ર પાપ છોડીને વિનય અને પાત્રતા મેળવવી જોઇએ. અને સત્સમાગમે દેહથી ભિન્ન આત્માનું સ્વરૂપ વિચારવું જોઇએ. ભાઈ ! અજ્ઞાનને લીધે તેં એટલા ભવ કર્યા કે તારા અવતારનો કોઇ અંક નથી. ક્રોધાદિ ભાવોથી તારો આત્મા દુઃખી થઇ રહ્યો છે, તેને કયાંય શાંતિ નથી; માટે આત્મા શું ચીજ છે તેનું વાસ્તવિક જ્ઞાન કર તો તારું ભવદુઃખ ટળે ને તને શાંતિ થાય. આવા તત્ત્વનો અભ્યાસ અને વિચાર બાળકોને પણ નાનપણથી કરાવવા જેવો છે. બાળકો તે પણ આત્મા છે ને તેમનામાં આ સમજવાની તાકાત છે.

# હું કોણ છું ? કયાંથી થયો ?

(મીઆંગામમાં પૂ. ગુરુદેવનું પ્રવચન : માગશર સુદ ૪)

આ દેહમાં રહેલો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનું ભાન કરીને જેમણે પૂર્ણ જ્ઞાનદશા પ્રગટ કરી તે સર્વજ્ઞ પરમાત્મા છે. તેઓ શાંતિનો ઉપાય બતાવતાં જગતને કહે છે કેઃ–જેમ માટી વિના ઘડો ન થાય તેમ આત્મા વિના શાંતિ ન થાય. આત્માના સ્વભાવમાં જ શાંતિ અને આનંદ ભર્યો છે; તે સ્વભાવને ઓળખતાં આત્માને પોતાની શાંતિનો અનુભવ થાય છે.

જીવ બાહ્ય વિષયોને માટે વખત ગાળે છે પણ અંતરના ચૈતન્યતત્ત્વની સમજણ માટે તે રુચિ કરીને અવકાશ લેતો નથી. સત્ સાંભળવા મળ્યું ત્યારે જીવે તેની દરકાર કરી નથી, તેથી જ આ સંસારમાં તે પરિ–ભ્રમણ કરી રહ્યો છે. આત્મામાં જ (લીંડીપીપરની જેમ) પરિપૂર્ણ જ્ઞાન–આનંદની શક્તિ ભરેલી છે, પણ તે પોતાના આનંદને બહારમાં શોધે છે. જો એક વાર પણ અંતરના ચિદાનંદ સ્વભાવની ઓળખાણ કરીને જન્મ–મરણનો નાશ કરે તો તેને ફરીને સંસારમાં અવતાર રહે નહિ. જેમ માખણનાં ઘી થાય પણ ઘીનાં ફરીને માખણ ન થાય; તેમ સંસારમાં રખડતો આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે મુક્તિ પામે છે, પણ મુક્ત થયેલા આત્માનો સંસારમાં ફરીને અવતાર થતો નથી.

જેમ દિવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત છે, તેમ આત્મામાં કેવળજ્ઞાનજ્યોત પ્રગટાવવાની તાકાત છે. ચૈતન્યમૂર્તિ આત્મા દેહાદિથી પર છે; દેહ તો જડ છે, તેનામાં કાંઇ જ્ઞાનજ્યોત પ્રગટવાની તાકાત નથી.

દેહના સાધનથી જીવને ધર્મ થતો નથી. ધર્મનું સાધન તો આત્મા પોતે જ છે. પૈસામાં કે મિષ્ટાન્નમાં કયાંય આત્માનું સુખ નથી. મિષ્ટાન્નના સ્વાદનો રસ તેમાં અજ્ઞાની મજા અને આનંદ માને છે પણ પોતાના આત્માના ચૈતન્યરસને તે જાણતો નથી. મિષ્ટાન્ન તે તો જડ છે, તે છ કલાકમાં રૂપાંતર થઇને વિષ્ટા થઇ જાય છે, તેમાં સ્વપ્નેય આત્માનું સુખ નથી, પણ અજ્ઞાનીએ માત્ર કલ્પનાથી માન્યું છે. આત્માના સ્વભાવનું અતીન્દ્રિય સુખ અજ્ઞાનીને લક્ષમાં આવતુ નથી. આત્માના સ્વભાવનું જે સુખ છે તે સુખ જગતના કોઇ વિષયોમાં નથી. અહો! આત્માના આનંદના અતીન્દ્રિય સ્વાદનું વર્ણન વાણીમાં પૂરું આવે તેમ નથી. તેથી શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કેઃ–

**જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,**
**કહી શકયા નહીં તે પણ શ્રી ભગવાન જો.**
**તેહ સ્વરૂપને અન્ય વાણી તો શું કહે?**
**અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.**

આત્માના સ્વભાવનો પરમ અનંત આનંદ સિદ્ધપદમાં સાદિ–અનંત પ્રગટી ગયો છે. સિદ્ધ ભગવંતો સાદિ–અનંત પોતાના અનંત આનંદમાં બિરાજી રહ્યા છે. અહો! એ સિદ્ધપદનો મહિમા વાણીથી શું કહેવો? એ સિદ્ધ ભગવંતોના આનંદની શી વાત!! એ તો આત્માના સ્વભાવમાં અંતર્મુખ થઇને જે અનુભવ કરે તેને જ તેની ખબર પડે. સમકિતીને અંતરની શાંતિના સ્વાદ આગળ દુનિયાના વિષયોની કાંઇ કિંમત રહેતી નથી. મારા આત્માનો આનંદ જગતના વિષયોથી પર છે. ભાઈ! એક વાર તારા આત્મામાં સમ્યગ્જ્ઞાનના ઝણકાર તો જગાડ કે મારો આત્મા આ દેહાદિથી ભિન્ન, પોતે જ આનંદસ્વરૂપ છે. મારા આત્માનો આનંદ બહારમાં કયાંય નથી; અંતર્મુખ થઇને સ્વભાવમાં એકાગ્ર થયે જ મારો આનંદ છે. જેમ ઘડો માટીમાંથી જ થાય છે તેમ મારી શાંતિ મારા આત્મામાંથી જ આવે છે. આત્માના સમ્યગ્જ્ઞાન વગર આત્માની શાંતિ કે મુક્તિ થતી નથી, માટે સત્સમાગમે પોતાની પાત્રતાપૂર્વક આત્મસ્વરૂપનો અભ્યાસ કરવો જોઇએ. આ શરીર તો કાંઇ જીવને આધીન રહેતું નથી, જીવની ઇચ્છા ન હોય છતાં તે તો ક્ષણમાં છૂટી જાય છે; માટે તે ચીજ આત્માની નથી. લક્ષ્મી વગેરેનો સંયોગ પણ જીવની ઇચ્છા પ્રમાણે આવતો કે રહેતો નથી. આત્માની વસ્તુ તો જ્ઞાન છે, હું તો જ્ઞાનસ્વરૂપ છું–એવો નિર્ણય જીવે અનંતકાળમાં કદી કર્યો નથી. 'હું કોણ છું ને મારું સ્વરૂપ શું છે?' તે કદી જાણ્યું નથી. "હું મનુષ્ય, હું વાણીયો, હું ફલાણાનો પુત્ર, ફલાણો મારો પુત્ર," એમ જીવે ભ્રમણાથી દેહને જ પોતાનું સ્વરૂપ માન્યું છે; પણ હરામ છે એ કોઇ જીવનાં હોય તો! જીવનાં જે હોય તે જીવથી કદી જુદા પડે નહિ, અને જે જુદા પડી જાય છે તે જીવથી જુદા જ છે. જીવ તો જ્ઞાનસ્વરૂપ છે, તેનું જ્ઞાન તેનાથી કદી જુદું પડતું નથી.

એક સેકંડ પણ આવા જ્ઞાનસ્વરૂપ આત્માને જાણે તો અનંતકાળનું પરિભ્રમણ ટળીને અલ્પકાળમાં મુક્તિ થયા વિના રહે નહિ. શ્રીમદ્ રાજચંદ્રજી ૧૬ વર્ષ અને ૫ મહિનાની વયમાં કહે છે કેઃ–

**હું કોણ છું, કયાંથી થયો, શું સ્વરૂપ છે મારું ખરું! કોનો સંબંધે વળગણા છે રાખું કે એ પરિહરું! એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા, તો સર્વ આત્મિકજ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં.**

અરે! આવો દુર્લભ મનુષ્ય અવતાર પામીને પણ "હું કોણ છું?' એનો વિચાર પણ જીવ કરતો નથી; બહારના કાર્યો આડે તેને ચૈતન્યની વાત સાંભળવાની પણ ફૂરસદ મળતી નથી. હે જીવ! આવો અવતાર અને સત્સમાગમ અનંતકાળે મળવો મુશ્કેલ છે. તેમાં જો આત્માની દરકાર કરીને તેની સમજણનો અવકાશ નહિ લે તો આ ચોરાશીના જન્મમરણમાંથી તારો કયાંય આરો નહિ આવે. અંતર્મુખ થઇને તું અજમાયશ કર. અનંતકાળમાં નહિ સમજેલ તે ચીજનો ભાવ અપૂર્વ છે; તે સમજવા માટે સત્સમાગમે વારંવાર શ્રવણ અને ધારણ કરીને અંતરમાં પ્રયોગ કરવો જોઇએ. અંતરના પ્રયોગ વગર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગ થતો નથી, તેના વિના મુક્તિ કે શાંતિ થતી નથી, માટે હે જીવો! અંતરનું સુખ અંતરમાં છે તેનો વિશ્વાસ કરો.

# अभिनन्दन पत्र

## महान् आध्यात्मिक सन्त
## श्री कानजी स्वामी की सेवा में ससम्मान प्रस्तुत

### सत्पुरुष!

जैन पुरातत्त्व से सम्पन्न, देवसेन, शान्तिसेन, कुलभूषण, आदि दिगम्बर मुनियों की साधनास्थली, जैन रक्षक विजयसिंह कछवाडा की राजधानी, शस्यश्यामला उपत्य का ग्वालियर की पुण्यभूमि में स्थित जैन छात्रावास अपने आत्मार्थी श्री कानजी स्वामी का स्वागत करता हुआ आत्म विभोर हो रहा है।

भारतीय संस्कृति में अतिथि की देवसंज्ञा मानी गई है, फिर आप जैसे अतिथि की, जो महत् पुरुषों के योग्य समस्त मानवोचित गुणों से अलंकृत हैं, हम किस प्रकार अभ्यर्थना करें, समझ में नहीं आता। आपके ज्ञान–चक्षुओं को खोलनेवाला अमृत सरोवर श्री 'समयसार' से आपको अत्यधिक प्रेम है। परम उपकारी, समयसार मर्मज्ञ आप जैन जाति के जीवनदाता हैं। आपकी दिव्यवाणी के उत्कृष्ट प्रवाह द्वारा जैन जाति में समयसार के अभ्यास की रुचि जागृत हुई। आपकी अध्यात्म सरिता की धारा में डुबकी लगाते ही हृदय में श्री समयसार को पढ़ने की तीव्र अभिलाषा उत्पन्न होती है। समयसार के प्रणेता, आपके प्रवचन जैन साहित्य की अमर निधि हैं।

### आध्यात्मिक पथ-प्रदर्शन!

आपकी ज्योतिर्मय आत्मा से न जाने कितने अज्ञानान्धकार में भटकते हुये प्राणियों को ज्ञान का प्रकाश मिला। आपकी छत्रछाया में ही आज के अनेकों जैन लेखकों को ज्ञान, उत्साह, और प्रेरणा मिली। आपके सान्निध्य में रहकर अनेक विद्वानोंने कई आध्यात्मिक ग्रन्थों की रचना की है, अनुवाद किये हैं और सम्पादन किया है। इस युग के महान् आध्यात्मिक सन्त आपकी वाणी संसारी प्राणियों के लिये अमृत वाणी है।

### महात्मा।

आप जैन धर्म के उन भक्तों में से हैं जिन्होंने अपने जीवन और यौवन के सुख स्वप्नो और भौतिक आकर्षणों का परित्याग कर मानवमात्र की मोक्ष साधना में 'महाभिनिष्क्रमण' किया है।

भारत के महान् आध्यात्मिक सन्तो में आपका विशिष्ट स्थान है। आप बालब्रह्मचारी हैं और अपनी २४ वर्ष की उम्रसे ही संसार से विरक्त रहकर शास्त्राभ्यास और सत्यान्वेषण में लगे रहे हैं।

आपकी दृढ़ मानता है कि 'जैन धर्म विश्व धर्म है' आन्तरिक तथा बाह्य दिगम्बरता के विना कोई जीव मोक्ष नहीं पा सकता।

आपकी प्रवचन शैली अनुपम और प्रभावक होने से श्रोतागण मन्त्रमुग्ध हो जाते हैं। आपकी वाणी में संसार दुख से सन्तप्त प्राणियों को दुख से छूटने व शाश्वत सुख का मार्ग दिखलाई पड़ता है। आप निश्चय व्यवहार, उपादान निमित्त, द्रव्य का स्वतन्त्र परिणमन आदि का सुन्दर विवेचन करते है और श्रोताओं को जड़ कर्म एवं मोह, राग आदि से पृथक् नित्य, शुद्ध, चैतन्यस्वरूप आत्मा का स्वाभाविक चित्र प्रस्तुत कर आत्मदर्शन की ओर प्रेरणा प्रदान करते है।

**श्रीमान्**

हमें आशीर्वाद दें कि हम छात्रावास के छात्र अपना सफल विद्यार्थी जीवन समाप्त कर जैन धर्म के सच्चे भक्त बनें। हम आशा ही नहीं पूर्ण विश्वास है कि आप भविष्य में भी इस छात्रावास के प्रति कृपाभाव बनायें रखेंगे। आपने इस छात्रावास के छात्रों को अपना स्वागत करने का जो अवसर दिया हैं, उसके लिये हम अत्यन्त आभारी हैं। हम भगवान महावीर से आपके स्वास्थ्य तथा दीर्धायु की कामना करते हैं।

**श्रद्धावनत**

**छात्रावास के छात्र [ ग्वालीयर-लश्कर ]**

ई ई ई

।। श्रीवीतरागाय नमः।।

## आध्यात्मिक संत आत्मार्थी सत्पुरुष श्री कानजी स्वामी की सेवा में सादर समर्पित

## सम्मान पत्र

**सम्माननीय !**

हमारा सौभाग्य हैं कि हम जिस महान् व्यक्तित्व के पुण्य सम्पर्क की वर्षो से प्रतीक्षा कर रहे थे हमारी वह मनोकामना आज सफल हो गई। वर्तमान वीस तीर्थंकरों की निर्वाणभूमि तीर्थराज श्री सम्मेदशिखर की वन्दना करने के पवित्र संकल्प को लेकर आप सौराष्ट से ५०० धार्मिक बंधुओं के साथ मार्ग में आनेवाले सिद्धक्षेत्रों की वन्दना करते हुए यहां पधारे हैं। दो दिन से हमें आप अपनी लोककल्याणकारिणी अमृतमयी वाणी का रसास्वादन करा रहे हैं। आज इस मंगलवेला में मध्यप्रदेश के आत्मज्ञानपिपासु नागरिकों के समक्ष आप के प्रति बहुमान प्रकट करते हुए हम अपने को गौरवान्वित मानते हैं।

**आत्मार्थिन् !**

अनंत दुःखमय संसार की स्थिति का अवलोकन कर आपने उच्चतम तत्त्वज्ञान का अध्ययन एवं मनन किया और उसकी महत्ता से अन्य मुमुक्षु जनों को अवगत कराकर उनका पथ प्रदर्शन किया। इस विनाशकारी अणु युग के भौतिक वातावरण के विरुद्ध आध्यात्मिकता का प्रसार कर आपने सहस्रों दिग्भ्रांत मानवों का जीवन ही परिवर्तित कर दिया है! आपकी

वीतरागप्रणीत निर्ग्रंथ मार्ग पर दृढ श्रद्धा, आत्मार्थिता, गुणगरिमा, निःस्पृहता, कर्तव्यनिष्ठा और परोपकारपरायणता का मूर्तिमान रूप सोनगढ़ [सौराष्ट्र] हैं, जो आपही के कारण आज तीर्थ–स्थान बन गया है। समस्त सौराष्ट्र में आपने जैन धर्म का महान् उद्योत कर दिया है। आप समान परमोपकारी आत्मार्थी सत्पुरुष का समागम पाकर आज हम अतिशय गौरव का अनुभव कर रहे हैं।

## संतप्रवर !

यह धर्मप्रधान भारतभूमि सदा से साधु एवं संत जनों को जन्म देती रही है। विभिन्न दर्शनों के सूत्रपात का स्थान भी यही है। किन्तु इहलौकिक और पारलौकिक कल्याण के हेतु सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यक् चारित्र तीनों ही आवश्यक है। साधुत्व एवं संतत्त्व की साधना में रत्नत्रय प्रमुख साधन है। आपने सांसारिक वैभव और इन्द्रिय सुखों को तिलांजलि देकर आजन्म ब्रह्मचारी रहते हुए श्रीमद् कुन्दकुन्दस्वामी प्रभृति आचार्यो द्वारा प्रणीत विश्वभारती के अनुपमरत्न समयसार, प्रवचनसार आदि महान ग्रन्थों का गंभीर अध्ययन कर अन्तर्दृष्टि प्राप्त की हैं। अनेक संकटो एवं बाधक परिस्थितियों को आह्वान करते हुए शांति और सहिष्णुतापूर्वक अपने निश्चित ध्येय एवं लक्ष्य की ओर अग्रसर बने हुए हैं। आपकी श्रद्धा, साहस और दृढ़ता की जितनी सराहना की जाय, थोड़ी है।

## अध्यांत्मयोगिन् !

मोह और ममता के पंक में निमग्न मानव समूह का हित बहिर्मुखी वृत्ति से हटकर अन्तर्मुख बनने में ही है। आप अपने अतिशय प्रभावक आध्यात्मिक प्रवचन द्वारा आत्मतत्त्व के निरूपाधिक शुद्ध स्वरुप का स्वाभाविक चित्र प्रस्तुत कर श्रोताओं को आत्मदर्शन की ओर प्रेरणा प्रदान करती हैं। अपनी उद्‌बोधक वाणीद्वारा आप भौतिक सुखों की लालसा में निमग्न जनता को आत्मज्ञान की ओर झुकने के लिये सदैव उपदेश करते रहते हैं। आपके द्वारा की गई भारतीय संस्कृति एवं आत्मधर्म की महान् सेवा भारत के धार्मिक इतिहास में चिरस्मरणीय रहेगी।

इस पावन प्रसंग पर उपस्थित हम मुमुक्षुजन आपका अन्तःकरण से अभिनन्दन करते हुए अपने भावों की कुसुमांजलि इस सम्मान पत्र के द्वारा समर्पित करते हैं और शाश्वत विद्यमान श्री १००८ जिनेन्द्र भगवान श्री सीमंधर स्वामी से प्रार्थना करते है कि आपका सदुद्देश्य सफल हो और आप चिरायु रह कर विश्व हितकारी जिनशासन की पताका फहराते हैं।

**गांधी हॉल, इन्दौर**
**दिनांक २८-१-१९५७**

**विनयावनत**
**दिगम्बर जैन समाज, इन्दौर।**

।। श्रीवीतरागाय नमः।।

# आध्यात्मिक संत आत्मार्थी सत्पुरुष श्री कानजी स्वामी

## की सेवा में सादर समर्पित

# अभिनन्दन पत्र

### सत्पुरुष

जैन पुरातत्त्व से सम्पन्न, शान्तिकेन्द्र, कुलभूषण आदि दिगम्बर मुनियों की साधनास्थली, जैनरक्षक विजयसिंह कछवाडा की राजधानी, प्राचीन जैन संस्कृति के केन्द्र ग्वालियर के इस ऐतिहासिक नगर में अध्यात्मयोगी श्री कानजी स्वामी का स्वागत करते हुये हमें परम हर्ष हो रहा है।

### संतप्रवर!

आपका यह संघ ५०० धार्मिक बन्धुओं के साथ सोनगढ़ [सौराष्ट्र] से श्री सम्मेदशिखरजी को वन्दनार्थ जाते हुए मार्ग में इस नगर में आया है इससे हमें हार्दिक आनन्द हो रहा है। शान्तिरस की जो विमलधारा सौराष्ट्र से प्रारम्भ होकर अनेक नगरों व उपनगरों में होती हुई अविरुद्ध प्रवाह से बढ़ती हुई इस नगर में आई है। उससे हमें शान्ति और आत्मज्ञान का जो शुभ संदेश मिला है उसने हमारे हृदय की ज्योति को जगा दिया है।

### अध्यात्म योगिन्!

आपने सांसारिक वैभव व इन्द्रिय सुखों का परिहार करके बालब्रह्मचारी रहकर आध्यात्मिक ग्रन्थों के अध्ययन से जो आत्मज्ञान प्राप्त किया है वह अद्वितीय हैं। आपने श्रीमद् कुन्दकुन्दस्वामी द्वारा रचित समयसार का अध्ययन करके जो अन्तर्दृष्टि प्राप्त की है और उसके द्वारा अपने सदुपदेशों एवं आध्यात्मिक प्रवचनों से मानव कल्याण का प्रशस्त मार्ग दर्शाया है उससे संसार में भटकते हुये प्राणियों के हृदय में आशा का नया संचार जाग्रत हो गया है। आपके द्वारा की गई भारतीय संस्कृति एवं आत्मधर्म की महान् सेवा भारत के धार्मिक इतिहास में चिरस्थाई रहेगी।

इस पुनीत अवसर पर बृहत्तर ग्वालियर का दिगम्बर जैन समाज हृदय से अभिनन्दन करता हुवा श्री १००८ भगवान जिनेन्द्र देव से प्रार्थना करता हैं कि आप चिरायु हों एवं आपका आत्मज्ञान का शुभ संदेश संसार के कोने कोने में सूर्य की प्रखर किरणों की भांति फैले, यही हमारी शुभ कामना हैं।

लश्कर
दिनांक ९ फरवरी १९५७

विनीत
**दिगम्बर जैन समाज**
बृहत्तर ग्वालियर म। प्र।

# श्री मांगीतुंगी सिद्धक्षेत्रमां शेठश्री गजराजजी गंगवालना हस्ते पू। गुरुदेवने अपायेल सन्मानपत्र

श्री परमपूज्य भगवान कुंदकुंदाचार्य के लघुनंदन परमपूज्य सद्‌गुरुदेव श्री कानजीस्वामी के चरण–कमलो में श्री सिद्धक्षेत्र मांगीतुंगीजी दि० जैन के प्रबंधकर्ताओं की तरफ से––

परमपूज्य अध्यात्मयोगी आपने उमराला ग्राममें पिता मोतीचंदजी माता उजमबाई के कुख से जन्म लेकर इस भरतक्षेत्र में अज्ञानरूपी अंधकार को नष्ट कर यथार्थ ज्ञानका प्रकाश किया है।

आपके बाल्यावस्थामें ही संसार से विरक्ता थी। आपने स्थानकवासी श्वे० जैनकुल में जन्म लेकर बालब्रह्मचारी रहते हुवे २४ वर्ष के उम्रमें स्थानकवासी दीक्षा ग्रहण की। बाद में सत्य ज्ञान की अंतःकरण में हमेशा के लिये खोज रहती थी। आपके हस्तकमलमें श्री भगवन् कुंदकुंदाचार्य के अपूर्व ग्रंथराज समयसारादि प्राप्त हुवे जिससे दिनप्रतिदिन आपकी आत्मोन्नति खिलती गई। जिसका फलस्वरूप आज आपने भारत में अध्यात्म धर्म का प्रकाश होरहा है।

सत्य वस्तु की प्राप्ति के लिये आप सारगर्भित उपदेश देकर भव्य जीवों को संसाररूपी समुद्र से तारने में समर्थ हुए है।

जिस प्रकार भगवान महावीर का समवसरण भारत में सर्वत्र विहार कर ज्ञानरूपी सूर्यका प्रकाश करता था। उसी प्रकार आप भी इस पंचम कालमें जगह जगह विहार कर अज्ञानरूपी जीवों को सच्चा मार्ग बतलाकर अज्ञानरूपी अंधकार को नष्ट कर रहे है।

आपश्रीने सौराष्ट्र में सनातन दि० जैन धर्म का उद्योत कर १५ जिनमंदिर पंचकल्याणक प्रतिष्ठा आपके करकमलोद्वारा हुई और दि० जैन सिद्धांत के लाखो ग्रंथ आपके उपदेश से प्रकाशित हुये और कई भाई बहिनोने आजीव ब्रह्मचर्य की दीक्षा ली।

इस प्रकार दि० जैन धर्म का आपश्रीने उद्योत कीया है। क्षेत्र के प्रबंधकारिणी कमेटी के ओर से महामंत्रीजीने आपश्री को श्री सिद्धक्षेत्र मांगीतुंगीजी पधारने का आमंत्रण दिया सो स्वीकार कर आपश्री का पवित्र क्षेत्र पर पदार्पण हुवा, इस लिये क्षेत्र के प्रबंधकर्ता अपना अहोभाग्य समझती है।

हमारी भी जिनेन्द्र देव से प्रार्थना है कि––भव्य जीवों का उद्धार करने के लिये आप चिरायु हो और दि० जैन धर्म का प्रभाव दिनपरदिन बढ़े ऐसी आशा करते है।

**श्री मांगीतुंगीजी प्रबंधकारिणी कमेटी**

शाह मोतीलाल पितांबरदास महामंत्री पारोला

शाह रमणलाल बालचंद सा सोनगीर

शाह चंदुलाल झुमकु सालाड मालेगांव

शेठ चंदुलाल मंगणीराम सटाणे

शाह गणेशलाल नाथुलाल जैन

परमपूज्य प्रातःस्मरणीय श्री कानजी स्वामी के पुनीत करकमलोंमें सादर समर्पित

# अभिनन्दन पत्र

**मान्यवर,**

आपके विराट् संघ ने सिद्धक्षेत्र श्री सम्मेदशिखरजी के यात्राप्रसंग से आज इस छोटी सी नगरी में एक दिवसीय विराम लिया है, यह हम सब के परम सौभाग्य का विषय है। वसन्त की पद चाप से वसुधावधू का रोम हर्ष था एवं कोकिल का पंचम मुखरित होना स्वाभाविक है, यह विद्यास्थली भी आज आप जैसे बहुमुखी व्यक्तित्व को अपने मध्य पा अलौकिक आनन्द का अनुभव कर रही है।

**अध्यात्म सन्त,**

आपके शोधपूर्ण एवं ठोस अध्ययन तथा अनुभव ने अध्यात्म जगत में एक युगान्तर ही उपस्थित कर दिया हैं। भारतवर्ष सहस्रों वर्षों से सन्तभूमि रही है, परंतु आत्मतत्त्व की इतनी मौलिक, जगन्मोहिनी एवं रसवती व्याख्या जिसका निर्विरोध रूप से सर्वत्र स्वागत हुआ हो अद्यावधि कम ही हुई है।

**अजातशत्रु,**

आप राग द्वेष की छुद्र सीमाओं से परे है, मलयाचल की सुरभि–सद्दश आपकी सरल सुकोमल वाणी सभी आत्माओं को स्वभाव से ज्ञानभरित करती है। आपके निर्विकार व्यक्तित्व के सन्मुख उग्र विरोधक शक्ति भी नत हो सेविका बनने में ही आनन्दानुभव करती हैं।

**आपसे आशा,**

आपकी ज्ञानगरिमा, स्वभाव की सरलता, सुलझी हुई विचारधारा तथा धर्म की सर्वमान्य विवेचना से हमें भगवान महावीर एवं महात्मा बुद्ध का समय स्मरण हो जाता है। हमारी अभिलाषा ही नहीं विश्वास भी हैं कि आपकी वाणी भारत ही नहीं सम्पूर्ण विश्व की अन्धकाराच्छन्न जनता का उचित मार्ग निर्देशन कर विश्वशान्ति स्थापित करेगी।

**हम हैं,**
**आपके आशीर्वचनाभिलाषी अध्यापक एवं छात्र,**
**श्री पी० डी० जैन इण्टर कालेज,**
**फीरोजाबाद [ आगरा ]**

**दिनांक**
**फरबरी १६, सन् १९५७**

।। श्री सीमंधरस्वामीने नमः।।

भारत के महान् आत्मतत्ववेत्ता श्री कानजी स्वामीजी
की सेवा में सादर समर्पित

# अभिनन्दन पत्र

**श्रद्धास्पद स्वामीजी,**

समयसार के महान् व्याख्याता सुकविशिरोमणि स्वर्गीय पं० बनारसीदासजी की इस जीवन–भूमि और उत्तर–प्रदेश के ऐतिहासिक नगर आगरा में आपका और आपके धार्मिक सङ्घ का स्वागत और अभिनन्दन करते हुए हमको अतिशय गौरव का अनुभव हो रहा हैं। हम लोग बहुत दिन से सोगनढ़ [काठियावाड़] आदि स्थानों में आपके द्वारा स्थापित गौरवगाथाओं को सुन रहे थे और उनसे कुछ परिचित भी थे किन्तु आज अपने नगर में ही सङ्घ सहित आपका पुण्यदर्शन प्राप्त कर के हमारे आनन्द की कोई सीमा नहीं रही है।

**सत्पपथ प्रदर्शक सन्त,**

विज्ञान के इस युग में आपने जो चमत्कार दिखाया है वह महान् है क्योंकि वह चमत्कार किसी भौतिक पदार्थ का नहीं, किन्तु आत्मा की अनुभूति का है। आत्मानुभूति के उस पवित्र आदर्श से प्रेरित होकर ही, शत या सहस्र नहीं किन्तु कोटि–कोटि आत्माएँ आपसे प्रकाश और पथ–प्रदर्शन प्राप्त कर अपना जीवन धन्य मान रही हैं। सभी प्रकार के अज्ञान और मिथ्यात्व के विरुद्ध आपने अपने जीवन के प्रारम्भ से ही अभियान किया है। आप प्राणी मात्र को सहज स्वाभाविक ज्ञान दर्शन से चमत्कृत और सुख–सम्पन्न देखना चाहते हैं, तथा प्रयत्न करते हैं, यह आपकी लोकोपकारिणी वीतराग वृत्ति का ही स्वाभाविक परिणाम है।

**लोकोपकारी महात्मन्,**

मङ्गलमय महावीर, गौतमगणी और कुन्दकुन्द सदृश महर्षियों की वाणी का आजीवन रसपान करते कराते हुए आपने भौतिक पदार्थो की मोह–ममता से अपने आपको सदैव दूर रक्खा है और आत्मस्वरुप में सहायक लोकोपकारी रचनात्मक कार्यों में ही अपने समय का सदुपयोग किया है, जिसके फलस्वरुप आपके तत्त्वावधान में तीन लाख पुस्तकों का प्रकाशन,

९ पञ्चकल्याणक प्रतिष्ठाएँ एवं २० नवीन जिनमन्दिरों की रचना हुई है तथा हजारों नवीन बन्धुओं को जैन धर्म में दीक्षित किया है। सहस्रों नर–नारियों ने आपसे आजीवन ब्रह्मचर्य–व्रत की प्रतिज्ञा ली है। प्रशंसा या निन्दा से सदैव ऊपर रह कर आप आत्मधर्म में ही अग्रसर रहते हैं, इसलिये आपके पुण्य चरणों में हमारा मस्तक स्वभावतः नम्रीभूत हो जाता है।

## विद्वद्वरेण्य,

समयसार जैसे पारमार्थिक और गूढ़ ग्रन्थों को जहाँ आपने सरल और सुलभ बनाया है, वहां अपनी सूझ–बूझ के द्वारा विद्यार्थियों और विद्वानों का भी भविष्य उज्ज्वल बनाने का प्रयत्न किया है। हमारी प्रार्थना पर आपने यहां आचार्य 'शान्तिसागर भवन' की मङ्गलमय आधारशिला रचना स्वीकार किया है। यह मङ्गल कार्य युगयुगान्त–पर्यन्त जैन धर्म और विश्व–कल्याण की प्रेरणा के साथ एक निर्ग्रन्थाचार्य की स्मृति को अमर रक्खेगा। इस सरस्वती भवन में विश्व में उपलब्ध सम्पूर्ण जैन वाङ्मय का संग्रह करके जैन साहित्य और जैनधर्म की खोज का मार्ग प्रशस्त किया जायगा, जिसकी आज भारी आवश्यकता है। विश्वविद्यालय के रिचर्स स्कालरों और शान्तिप्रेमियों के लिए यह भवन अत्यन्त उपयोगी सिद्ध होगा–ऐसा हमारा विश्वास है। विश्व में सदा शान्ति बनी रहे यह स्व० आचार्य शान्तिसागर महाराज की हार्दिक कामना थी, यही आपकी और हम सबकी भी मनोकामना है। हम श्री शान्तिनाथ भगवान से प्रार्थना करते हैं कि विश्व में कहीं भी युद्ध न हो। इस प्रार्थना और प्रयत्न की सफलता के हेतु हम आपका आशीर्वाद चाहते हैं।

## अनुपम विद्याप्रेमी,

भगवान् महावीर के नाम से अङ्कित इस विद्यासदन में भगवान् शान्तिनाथ की तेजोमय मूर्ति भी बिराजमान है। इससे हमको अपनी संस्था के महान् पवित्र उद्देश्य "चरित्रबल के विकास" में अनुपम सहायता मिलती है। कला, विज्ञान, वाणिज्य आदि लौकिक शिक्षा के साथ–साथ यहाँ नैतिक एवं धार्मिक शिक्षा की भी समुचित व्यवस्था है। जिस प्रकार यहाँ भारत तथा विश्व के महामान्य राजनेता एवं धुरन्धर विद्वानों का पदार्पण एवं स्वागत होता है; उसी प्रकार आत्मज्ञान एवं विश्व–बन्धुत्व का सन्देश देनेवाले वीतराग महर्षियों और सन्तों की चरणरज एवं उपदेशों का प्रसाद भी समय–समय पर हमको मिलता रहता है। आपकी असीम अनुकम्पा से यहाँ आज इस सरस्वती भवन की नींव रक्खी जा रही है, इससे आगरा–निवासियों का ही नहीं अपितु समग्र समाज एवं भावी पीढ़ियों का उपकार होगा। आपने हमारी प्रार्थना पर इस भवन की नींव रखना स्वीकार किया, यह हमारे लिए बड़े गौरव की बात है और इसके लिए हम आपके चिर आभारी रहेंगे।

**सम्यग्दृष्टे,**

आप तो सम्यग्दर्शन, सम्यग्ज्ञान आदि रत्नों से वैभवशाली है। हमारे पास ऐसी कोई वस्तु नहीं जिससे आपका उचित सत्कार और सेवा कर सकें, फिर भी भावनावश केवल विनयपूर्ण–पत्र–प्रसून लेकर आपके श्रीचरणों में भेट करने खड़े हुए हैं। आशा है आप हमारी त्रुटियों की ओर ध्यान न देकर अपने विशाल हृदय में इस संस्था को भी स्थान देने की कृपा करेंगे।

हम हैं आपके अनुगृहीत–––

आगरा

१२–२–१९५७

अध्यक्ष, सदस्यगण, अध्यापक और विद्यार्थी

**श्री महावीर दिगम्बर जैन, कालेज**

एवं

सकल दिगम्बर जैन समाज, आगरा।

**भारत के सुप्रसिद्ध आध्यात्मिक सन्त**

**आत्मार्थी सत्पुरुष पूज्य श्री कानजी स्वामी**

**के**

**कर-कमलों में सादर समर्पित**

# अभिनन्दन पत्र

**पूज्यश्री,**

आज उत्तर भारत के इस परम पुनीत अतिशय क्षेत्र फीरोजाबाद नगर में आप जैसे परम उपकारी, जिनभक्त, प्रवचन–कला–मर्मज्ञ एवं अध्यात्मरसिक का दर्शन–लाभ कर हम परम आह्लाद का अनुभव कर रहे हैं। स्वागत के साधन, सामर्थ्य एवं क्षमता में अकिञ्चन होते हुये भी हम आपका अभिनन्दन करते हुये अपने को अत्यन्त ही गौरवान्वित अनुभव करते हैं।

**परम आदरणीय,**

काठियावाड़ की सुरम्य स्वर्णपुरी [ सोनगढ ] में बैठकर आप भगवान कुन्दकुन्दाचार्य के सत् साहित्य का जिस रोचक ढंग से प्रचार और प्रसार कर रहे हैं वैसा गत कई शताब्दियों में नहीं हुआ है। अस्तु जसी शान्ति और नरपति जैसी दृढ़ता के साथ आपके मुखाब्ज–निःसृत ओजस्वी अध्यात्म–वाणी को सहस्त्रों नर–नारी व आबाल–वृद्ध बडे चाव से सुनते हैं और उसकी मधुरिमा से गद्गद् हो जाते हैं। आपकी उस अविरल ज्ञान–वर्षा के प्रति हम नतमस्तक हो अपनी पुञ्जीभूत श्रद्धा व्यक्त करते हैं।

**अध्यात्म मूर्ति,**

आप वह अगाध पवित्र तीर्थ हृदय हैं जिसमें क्रूर जन्तुओं का निवास नहीं है। आप वह दीप शिखा हैं जिसमें काजल की कालिमा छू तक नहीं गई है। आप वह माणिक्य महानिधि हैं जिसे सर्पने स्पर्श तक नहीं किया है। आपकी अध्यात्मरसिकता, आत्मानुभव, प्रखर विद्वत्ता, वस्तुस्वरुप को न्यायपूर्वक सिद्ध करने की अपूर्व शक्ति, जिनशासन का गम्भीर ज्ञान सभी अवर्णनीय है। अध्यात्म की सर्वाङ्गपूर्ण और मौलिक व्याख्या करके आपने जो प्रयास किया है, वह अभिनन्दनीय है।

**श्रीमान्,**

आपने इस नगर में पधार कर हमारे कमल–कोमल अन्तराल में अपनी पवित्र स्मृति की एक अमिट छाप छोड़ दी है। फाल्गुन कृष्णा द्वितीया की यह शुभ तिथि नगर के इतिहास में एक चिरस्मरणीय घटना बन कर रहेगी। आपका ज्ञानालोके सदैव हमारे अन्तर में प्रकाशमान होता रहे–इस भावना के साथ हम एक बार पुनः आपका स्वागत करते हैं।

**‘स्वागत तेरा-तुम हो महान।’**


हम हैं आपके–

सदस्यगण

**महावीर जयन्ती सभा**

**फीरोजाबाद [ उ० प्र० ]**

६ फरवरी १९५७



-પરમ શાંતિ દાતારી-

# અધ્યાત્મ ભાવના

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત ‘સમાધિશતક’ ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીના અધ્યાત્મભાવના-ભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

## 卐 ( ૨ ) 卐

(વીર સં. ૨૪૮૨ વૈશાખ વદ ત્રીજઃ સમાધિશતક ગા. ૨)

આત્માની પૂર્ણ શુદ્ધ જ્ઞાન–આનંદમય દશા તે સિદ્ધપદ છે. અને જ્ઞાન–આનંદસ્વરૂપ આત્માને શ્રદ્ધા–જ્ઞાનમાં લઇને તેના સંવેદનમાં એકાગ્રતાનો ઉદ્યમ કરવો તે મોક્ષનું અનુષ્ઠાન છે. પૂર્ણ શુદ્ધ પદને પામેલા સિદ્ધ અને અરહંત પરમાત્મા તે દેવ છે; અને તેને સાધનારા આચાર્ય–ઉપાધ્યાય–મુનિ તે ગુરુ છે, તથા અરહંત પરમાત્મા વગેરેની વાણી તે શાસ્ત્ર છે.

પહેલા શ્લોકમાં મંગલરૂપે શ્રી સિદ્ધ ભગવાનને નમસ્કાર કર્યા; હવે બીજા શ્લોકમાં સકલ પરમાત્મારૂપ શ્રી અરહંત ભગવાનને તથા તેમની વાણીને નમસ્કાર કરે છેઃ–

जयन्ति यस्यावदतोऽपि भारती<br>
विभूतयस्तीर्थकृतोऽप्यनीहितुः।<br>
शिवाय धात्रे सुगताय विष्णवे<br>
जिनाय तस्मै सकलात्मने नमः।। २।।

સકલ પરમાત્મા શ્રી અરહંતદેવને નમસ્કાર હો. કેવા છે તે પરમાત્મા?–કે જેઓ તાલુ–હોઠ વગેરેથી બોલતા ન હોવા છતાં જેમની વાણી જયવંત વર્તે છે. ભગવાનની વાણી સર્વાંગેથી ઇચ્છા વગર છૂટે છે. તે વાણીમાં શ્રેષ્ઠ છે, એવી ભારતી જયવંત વર્તે છે અને તે જીવોને તીર્થ એટલે મોક્ષમાર્ગ બતાવનારી હોવાથી તેને તીર્થ પણ કહે છે. ભગવાનને ઇચ્છા ન હોવા છતાં તેઓ સમવસરણાદિ વૈભવ સહિત છે અને તીર્થના કર્તા છે. અરિહંત ભગવાન શરીર સહિત હોય છે તેથી તે સકલ પરમાત્મા છે, ને શરીરરહિત સિદ્ધ પરમાત્મા તે નિકલ પરમાત્મા છે.

અરહંત ભગવાનનું શરીર મહાસુંદર પરમ ઔદારિક હોય છે,–તેમાં જોનારને પોતાના આગલા–પાછલા સાત ભવ દેખાય છે. (ભવિષ્યના ભવ જેને હોય તેને દેખાય.)

ભગવાનના સમવસરણનો અચિંત્ય વૈભવ હોય છે; ઉપર ત્રણ છત્ર ફરતા હોય છે, મોતીના બનેલા ઉત્કૃષ્ટ છત્ર હોય છે, તેમજ ભામંડળ વગેરે હોય છે. આ રીતે દિવ્યવાણી અને છત્રાદિ વૈભવસહિત જેઓ જયવંત વર્તે છે એવા અરહંતદેવને નમસ્કાર હો.

અરહંત કેવા છે? શિવ છે, ધાતા છે, સુગત છે, વિષ્ણુ છે, જિન છે અને સકલ આત્મા છે,-કઇ રીતે? તે કહે છે—

શિવ એટલે આત્માનું કલ્યાણ, તેને પોતે પામેલા છે અને દિવ્યવાણીના ઉપદેશવડે ભવ્ય જીવોને શિવમાર્ગ-મોક્ષમાર્ગના પ્રણેતા હોવાથી શ્રી અરહંત ભગવાન જ શિવ છે, કલ્યાણરૂપ છે; એનાથી વિરુદ્ધ બીજા કોઇ ખરેખર શિવ નથી.

ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં ધારી રાખનાર હોવાથી તેઓજ ધાતા છે. યથાર્થ ઉપદેશ વડે ભવ્ય જીવોને સન્માર્ગમાં ધારી રાખે છે તેથી તેઓ જ વિધાતા છે. જેમ વિધાતા લેખ લખે છે એમ લૌકિકમાં કહેવાય છે, તેમ ભગવાનના કેવળજ્ઞાનમાં બધા જીવોના ત્રણે કાળના લેખ લખાઇ ગયા છે-તેથી તે જ ખરા વિધાતા છે. શોભાયમાન એવા દિવ્ય જ્ઞાનને પામેલા હોવાથી અરહંત ભગવાનને સુગત કહે છે. ગત એટલે જ્ઞાન; કેવળજ્ઞાન-વડે જ આત્માની શોભા છે, તેથી જેઓ એવા કેવળજ્ઞાનને પામ્યા છે તેઓ જ સુગત છે. અથવા સુગત એટલે સમ્યગ્‌ગતિ; પુનરાવર્તન રહિત એવી જે મોક્ષગતિ તેને પામેલા હોવાથી ભગવાન જ સુગત છે. સંસારની ચારે ગતિ તો કુગતિ છે, ને સિદ્ધગતિ તે જ ખરી સુગતિ છે, એવી સુગતિને પામેલા હોવાથી અરહંત ભગવાન જ સુગત છે. અથવા 'સુગત'નો ત્રીજો અર્થ આ પ્રમાણે પણ છે : 'સુ' એટલે સમ્પૂર્ણરૂપ એવા અનંતચતુષ્ટય તેને 'ગત' એટલે પામેલા એવા સર્વજ્ઞ દેવ તે સુગત છે.

સર્વજ્ઞદેવ કેવળજ્ઞાનવડે સમસ્ત વસ્તુમાં વ્યાપક હોવાથી-જ્ઞાયક હોવાથી-વિષ્ણુ છે.

અનેક ભવભ્રમણના કારણરૂપ એવા જે મોહાદિ કર્મો (ભાવ તેમજ દ્રવ્ય) તેના વિજેતા હોવાથી અરહંતદેવ 'જિન' છે. ચૈતન્યસ્વભાવની અધિકતાવડે મોહાદિને જેણે જીતી લીધા છે-નષ્ટ કર્યા છે તે જિન છે.

અને સકલ એટલે શરીર સહિત છે.

આવા અરહંત પરમાત્માને નમસ્કાર હો.

તેઓ દિવ્ય ભારતીવડે હિતના ઉપદેષ્ટા છે. ભગવાનની ભારતી કેવી છે?-સર્વે જીવોને હિતરૂપ છે, વર્ણ સહિત નથી એટલે કે નિરક્ષરી છે, જેમાં બે હોઠ ચાલતા નથી. વાંછારૂપી કલંક નથી, કોઇ દોષરૂપ મલિનતા નથી, શ્વાસના રૂંધન રહિત હોવાથી જેમાં ક્રમ નથી, શાંતમૂર્તિ ઋષિવરોની સાથે સાથે પશુગણોએ પણ પોતપોતાની ભાષામાં જેનું શ્રવણ કર્યું છે, એવી સર્વજ્ઞદેવની અપૂર્વવાણી અમારી રક્ષા કરો ને વિપદા હરો.

સર્વજ્ઞ ભગવાન શરીર સહિત હોવા છતાં આહારાદિ દોષથી રહિત છે. આત્માના અનંત આનંદનો ભોગવટો પ્રગટી ગયો છે ત્યાં ક્ષુધાદિ દોષ હોતા નથી ને આહારાદિ પણ હોતા નથી. ભગવાનને રાગ-દ્વેષાદિ દોષો પણ નથી. આ સિવાય અન્ય કુદેવ તો રાગાદિ સહિત છે, ક્ષુધાદિ દોષ સહિત છે, એટલે તે આત્માનું ઇષ્ટ નથી. અતીન્દ્રિય આનંદ સહિત એવું સર્વજ્ઞપદ જ આત્માનું પરમ ઇષ્ટ છે તેથી તેનો આદર કરો તેને નમસ્કાર કરીએ છીએ.

સર્વજ્ઞ ભગવાનનો ઉપદેશ આત્માના હિતનું કારણ છે. સંગથી પાર થઇને આત્માના સ્વભાવ સન્મુખ થા, તે જ હિતનો ઉપાય છે,-એમ ભગવાનનો ઉપદેશ છે. અરહંત ભગવાન જ સર્વજ્ઞ-હિતોપદેશી છે, તે જ ઇષ્ટદેવ છે. આ સિવાય બુદ્ધ વગેરે તો વસ્તુસ્વરૂપને નહિ જાણનારા અજ્ઞાની ગૃહીત-મિથ્યાદ્રષ્ટિ છે, તેઓ હિતોપદેશી નથી. આત્માના હિતનો વાસ્તવિક ઉપાય શું છે તે જેણે પોતે જ જાણ્યો નથી, તે હિતોપદેશી કયાંથી હોય? જગતમાં તો અજ્ઞાની જીવોનો મોટો ભાગ એવા કુદેવાદિને માને છે, પણ તે કોઇ આત્માના હિતોપદેશક નથી. સર્વજ્ઞ-વીતરાગ-અરહંત પરમાત્મા જ જગતમાં હિતોપદેશક છે. તેઓ કહે છે કે "આત્મા પોતે જ પોતાનો પ્રભુ છે, હું પ્રભુ મારો, ને તું પ્રભુ તારોઃ મારી પ્રભુતા મારામાં ને તારી પ્રભુતા તારામાં.-માટે તારા આત્માની ઓળખાણ કરીને તેની સન્મુખ થા, તેમાં જ તારું હિત છે."-આમ સર્વજ્ઞદેવ અરહંતપરમાત્મા જ ખરા હિતોપદેશી છે, તેઓ જ ઇષ્ટ દેવ છે, તેથી તેમને અહીં નમસ્કાર કર્યા છે.

આ રીતે પરમ હિતોપદેશી એવા તીર્થંકર અરહંત પરમાત્માને તથા તેમની દિવ્ય વાણીરૂપી ભારતીને નમસ્કાર કર્યા. ।।૨।।

# વૈરાગ્યમય હિત વચનો

૧. સુખ આત્માના સ્વભાવમાં છે, સંયોગમાં નથી. પણ પોતાના સ્વભાવને ભૂલેલો અજ્ઞાની જીવ બહારમાં સુખ માને છે.

૨. અજ્ઞાની જીવને આ સંસાર સંબંધી જે દુઃખ છે તે તો વાસ્તવિક, દુઃખ જ છે; પરંતુ ઈન્દ્રિય વિષયોમાં તે જે સુખ માને છે તે તો માત્ર કલ્પના જ છે.

૩. મૂઢ પ્રાણી લક્ષ્મી વધે છે એને દેખે છે, પણ આયુષ્ય ઘટે છે–તે નથી દેખતો; ને લક્ષ્મી વગેરે મેળવવા પાછળ મોંઘુ માનવ–જીવન ગૂમાવી દે છે.

૪. સંયોગની સગવડતામાં અજ્ઞાની જીવ એવો મૂર્છાઇ ગયો છે કે, માથે અનંત જન્મ–મરણના દુઃખનો ભય ઝઝૂમી રહ્યો છે–તેને તે દેખતો નથી.

૫. અરે જીવ! એક ક્ષણ વિચાર તો કર, કે સંયોગો વધવાથી તારા આત્મામાં શું વધ્યું? ભાઈ રે! સંયોગના વધવાથી આત્માનું વધવાપણું માનવું–તે તો મનુષ્ય દેહને હારી જવા જેવું છે.

૬. હે જીવ! તારા જ્ઞાનસ્વરૂપ આત્મા સાથે આ સંયોગો એકમેક નથી; કાં તો તારા જીવતાં જ તને છોડીને એ ચાલ્યા જશે, અને કાં તો મરણ ટાણે તું તેને છોડીને ચાલ્યો જઇશ.–માટે તેનાથી ભિન્નતાનું ભાન કર.

૭. અંતરમાં સંયોગથી ભિન્નતાનો વિચાર કર કે મારો આત્મા બધાયથી જુદો, એકલો જન્મ્યો ને એકલો મરશે, સંસારમાં પણ એકલો જ રખડે છે ને સિદ્ધિ પણ એકલો જ પામે છે. આમ ભિન્નતાનું ભાન કરીને હે જીવ! તારા હિતનો ઉપાય વિચાર.

૮. અરેરે! મારો આત્મા મૃત્યુના મુખમાં ઊભો છે, મૃત્યુના મુખમાં પડેલા આ જીવને જગતમાં અન્ય કોઇ શરણભૂત નથી; મારા આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરીને તેમાં સ્થિર રહું તે જ મને મૃત્યુના મુખમાંથી ઊગારનાર છે, ને તે જ એક શરણભૂત છે.

૯. જેમ સંયોગોની અનુકૂળતામાં મારું સુખ નથી, તેમ ગમે તેવા પ્રતિકૂળ સંયોગો મને દુઃખનું કારણ નથી. જેણે અનુકૂળ સંયોગમાં સુખ માન્યું છે તે પ્રતિકૂળતામાં દુઃખી થયા વગર રહેશે નહિ, કેમ કે તેનું વલણ જ સંયોગ તરફ છે. સંયોગ તો એક ક્ષણમાત્રમાં પલટી જશે, માટે તેના આશ્રયે આત્માની શાંતિ નથી. આત્માનો સ્વભાવ પોતે સુખસ્વરૂપ છે, ને તે નિરંતર રહેનાર છે, માટે તેના આશ્રયે જ આત્માનું હિત અને શાંતિ છે–આમ પહેલાં હિતના ઉપાયની ખોજ કરીને તેનો નિર્ણય કરવો જોઇએ—આવો સંતોનો હિતમાર્ગનો ઉપદેશ (ઇષ્ટોપદેશ) છે.

૧૦. અરે, અત્યાર સુધી મેં મારું હિત ન કર્યું, અહિતમાં જ જીવન નકામું વીતાવ્યું. હવે મારું હિત કેમ થાય–તેનો ઉપાય કરું. –આમ અંતરમાંથી હિત માટેની જિજ્ઞાસા જાગવી જોઇએ. ભાઈ! જ્યાં મરણના ટાણાં આવશે ત્યાં લક્ષ્મી શરણરૂપ નહિ થાય, વૈદો બચાવી નહિ શકે, કુટુંબી કોઇ એક પગલુંય સાથે નહિ આવે.–એ વખતે શરણભૂત તો તને તારો આત્મા જ થશે; માટે આત્મા શું ચીજ છે તેની ઓળખાણ અને પ્રીતિ કર.

## મહાશરણ

સર્વજ્ઞદેવો સમસ્ત કર્મને અવિશેષપણે બંધનું સાધન કહે છે તેથી (એમ સિદ્ધ થયું કે સર્વજ્ઞદેવોએ) સમસ્ત કર્મને નિષેધ્યું છે અને જ્ઞાનને જ મોક્ષનું કારણ ફરમાવ્યું છે.

—જો સમસ્ત કર્મને નિષેધવામાં આવ્યું છે તો પછી મુનિઓને શરણ કોનું રહ્યું? તે કહે છેઃ–

શુભ આચરણરૂપ કર્મ અને અશુભ આચરણરૂપ કર્મ–એવા સમસ્ત કર્મનો નિષેધ કરવામાં આવતાં, અને એ નિષ્કર્મ અવસ્થા પ્રવર્તતાં મુનિઓ કાંઇ અશરણ નથી; કારણ કે જ્યારે નિષ્કર્મ અવસ્થા પ્રવર્તે છે ત્યારે જ્ઞાનમાં આચરણ કરતું–રમણ કરતું–પરિણમતું જ્ઞાન જ તે મુનિઓને શરણ છે; તેઓ તે જ્ઞાનમાં લીન થયા થકા પરમ અમૃતને પોતે અનુભવે છે–આસ્વાદે છે.

(જુઓ સમયસાર, કલશ ૧૦૩–૧૦૪)

## રાજા... ભીખ માગે છે!

પોતાના આનંદનિધાનને ભૂલેલું...આત્માના અતીન્દ્રિય–આનંદને નહિ પામેલું આખું જગત ભીખારી છે, કેમકે ઈન્દ્રિય–વિષયો પાસે આનંદની ભીખ માંગી રહ્યું છે...

તેને સર્વજ્ઞદેવ અને સંતો સંબોધે છે કે–

અરે વિષયોના ભીખારી! તું તો ચૈતન્ય રાજા!!

રાજા થઇને તું ભીખ કાં માંગ? તારામાં તો અતીન્દ્રિય–આનંદના નિધાન ભરેલા છે તેને ભૂલીને તું ઈન્દ્રિય–વિષયો પાસેથી આનંદની ભીખ કાં માગ!! એ ભીખારીપણું છોડ...ને તારા આનંદ નિધાનને સંભાળીને અતીન્દ્રિય આનંદને ભોગવ.

–પૂ. ગુરુદેવ.

મુદ્રકઃ– હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ. ભાવનગર (સૌરાષ્ટ્ર)
પ્રકાશકઃ– સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટવતી હરિલાલ દેવચંદ શેઠ–ભાવનગર (સૌરાષ્ટ્ર)